ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G

## વિજયનો જનાદેશ પ્રાપ્ત કરી માતૃશ્રીના આશીર્વાદ મેળવતા મુખ્યમંત્રીશ્રી

ગાંધીનગર, તા. ૨૦

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિધાનસભા ચૂંટણીઓમાં ભારતીય જનતા પાર્ટીના ભવ્ય વિજયનો જનાદેશ મેળવ્યા બાદ આજે બપોરે ગાંધીનગરમાં



તેમના માતૃશ્રી હિરાબાના ચરણ સ્પર્શ કરી આશીર્વાદ મેળવ્યા હતા.

પૂ. હિરાબા મુખ્યમંત્રીશ્રીના નાના ભાઈ શ્રી પંકજ મોદીના ગાંધીનગરના સરકારી નિવાસસ્થાને તેમની સાથે રહે છે. મુખ્યમંત્રીશ્રી આજે બપોર બાદ તેમના નિવાસસ્થાને પહોંચ્યા હતા અને વિધાનસભા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના ભવ્ય જનાદેશ બાદ માતૃશ્રીના આશીર્વાદ મેળવ્યા હતા.

## પૂર્વ મુખ્યમંત્રી શ્રી કેશુભાઈ પટેલની શુભેચ્છા મુલાકાતે મુખ્યમંત્રીશ્રી

ગાંધીનગર, તા. ૨૦

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આજે બપોર બાદ ગાંધીનગરમાં



ગુજરાત પરિવર્તન પાર્ટીના અધ્યક્ષ અને પૂર્વ મુખ્યમંત્રી શ્રી કેશુભાઈ પટેલના નિવાસસ્થાને જઈને તેમની શુભેચ્છા મુલાકાત લીધી હતી તથા વરિષ્ઠ વડીલ તરીકે તેમના આશીર્વાદ મેળવ્યા હતા. શ્રી કેશુભાઈ અને મુખ્યમંત્રીશ્રીએ પરસ્પર મિઠાઈ ખવડાવી મોઢું મીઠું કરાવ્યું હતું.

## જિલ્લાની પાંચ બેઠકો પર ૬૨૦ મત રદ થયા !

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લાની મતગણતરીમાં સૌથી વધુ પોષ્ટલ બેલેટ ગાંધીનગર ઉત્તરમાં નોંધાયા હતા અને સૌથી વધુ પોષ્ટલ બેલેટ આ બેઠક પર જ રદ થયા હતા.

- ગાંધીનગર (ઉત્તર)ની બેઠક પર ૪૮૭૨ પોષ્ટલ બેલેટમાંથી ૩૯૦ મત રદ થયા હતા.
- દહેગામની બેઠક પર ૧૫૬ પોષ્ટલ મત રદ થયા હતા. જેમાં ૧૫૩ મત પોષ્ટલ બેલેટ સાથે જોડવાના એકરાર નામામાં ક્ષતિઓ રહેતાં રદ કરાયા હતા.
- ગાંધીનગર (દ)ની બેઠક પર ૪૯ મત રદ થયા હતા.
- માણસા બેઠક પર ૧૯ મત રદ થયા હતા.
- કલોલ પર માત્ર ૬ મત રદ થયા હતા.

# ગાંધીનગર ઉત્તરની બેઠક પર ભારે ઉત્તેજનાઓ વચ્ચે ભગવો લહેરાયો



બોફોર્સની તોપ અણીના સમયે ધણધણી અને રાજકીય ગણિતના બાદશાહ સુરેશ પટેલ મ્હાત થયા

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લામાં સૌનુ ધ્યાન કેન્દ્રીત કરનાર ગાંધીનગર (ઉ)ની બેઠક પર ભાજપના શ્રી અશોક પટેલે કોંગ્રેસના રાજકીય ગણિતના બાદશાહ ગણાતા સુરેશ પટેલને મહાત કરી ભગવો લહેરાવતાં ભાજપના કાર્યકરોમાં ઉત્સાહ પ્રસરી જવા પામ્યો હતો.

આજે સવારે ૮ વાગે સરકારી આર્ટસ કોલેજમાં મતગણતરીના પ્રથમ રાઉન્ડમાં જ કોંગ્રેસના સુરેશ પટેલે સારી સરસાઈ પ્રાપ્ત કરી લીધી હતી. આ પછી બીજા અને ત્રીજા રાઉન્ડમાં ભાજપના શ્રી અશોક પટેલે સરસાઈ પ્રાપ્ત કરી હતી, પરંતુ કોંગ્રેસની સરસાઈ ઓછી કરવામાં ધારી સફળતા મળી ન હતી.

પુનઃ ચોથા રાઉન્ડમાં અને પાંચમા રાઉન્ડમાં કોંગ્રેસના શ્રી સુરેશભાઈ પટેલે પોતાની પક્કડ મજબુત બનાવતી સરસાઈ મેળવવામાં સફળ રહ્યા હતા.ત્યાં પુનઃ સેક્ટરોના મત ખુલતાં ભાજપના શ્રી અશોક પટેલે સરસાઈને સરખી કરી હતી. ૮મા અને ૯મા રાઉન્ડમાં શ્રી અશોક પટેલ સરસાઈને પાર

● અનુસંધાન પાન-૬ પર

# છેલ્લા રાઉન્ડોની મતગણતરીમાં શંભુજીના મતોનું તાંડવ જુગાજીને ડોલાવી ગયું

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાત વિધાનસભાની આજે



યોજાયેલ ચૂંટણીમાં ગાંધીનગર દક્ષિણની બેઠક મેળવી ગાંધીનગર પરનો ભાજપે તેનો કબ્જો જાળવી રાખવામાં સફળતા પ્રાપ્ત કરી છે.

આજે સે-૧૫ ખાતે યોજાયેલ મતગણતરીમાં ગાંધીનગર દક્ષિણની બેઠક પર પ્રારંભથી સરસાઈ પ્રાપ્ત કરનાર કોંગ્રેસે અમદાવાદમાં ભેળવાયેલ ચાંદખેડા અને મોટેરા પંથકના બુથો ગણતરીમાં ખુલતાં જ કોંગ્રેસનો પરાજય થયો હતો.

૮ હજાર મતની સરસાઈ ધરાવતા કોંગ્રેસના શ્રી જુગાજી ઠાકોરનો ૮ હજાર મતે પરાજય થયો હતો. આજે મતગણતરીના ૧૨ રાઉન્ડ સુધી કોંગ્રેસના શ્રી જુગાજી ઠાકોરે ભાજપના ઉમેદવાર શંભુજી ઠાકોર પર સરસાઈ જાળવી રાખી હતી.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના ઠાકોર સમાજના અત્યંત લોકપ્રિય ઉમેદવાર શ્રી જુગાજી ઠાકોરે અડાલજથી ચંદ્રાલા પંથકમાં સારી એવી સરસાઈ પ્રાપ્ત કરી હતી. જો કે આ પછી ચાંદખેડા-મોટેરાના વિસ્તારો ગણતરીમાં આવતાં જ સરસાઈમાં ઘટાડો શરૂ થયો હતો. કોટેશ્વરમાં પણ સારા એવા મતો જુગાજીએ મેળવ્યા

● અનુસંધાન પાન-૬ પર

## ભાજપની (ઉત્તર) બેઠક પર કોને કેટલા મત મળ્યા

| ગામ/સેક્ટર | અશોક પટેલ | સુરેશ પટેલ |
|---|---|---|
| ઉનાવા | ૧૮૯૨ | ૧૫૫૪ |
| પીંડારડા | ૨૭૫ | ૬૦૬ |
| પીંપળજ | ૪૯૭ | ૮૨૩ |
| વાસણ | ૧૩૮ | ૧૭૪૪ |
| રૂપાલ | ૨૦૦૯ | ૧૭૧૫ |
| રાંધેજા | ૩૫૧૨ | ૨૭૫૮ |
| સરઢવ | ૨૩૨૬ | ૧૯૮૫ |
| સોનીપુર | ૪૩૮ | ૬૪૪ |
| પેથાપુર | ૫૩૫૧ | ૪૧૯૧ |
| કોલવડા | ૨૮૩૯ | ૩૨૫૦ |
| જલુંદ | ૪૮૧ | ૬૫૫ |
| આદરજ મોટી | ૧૫૫૧ | ૨૯૨૧ |
| વાવોલ | ૨૭૩૮ | ૨૫૦૮ |
| ગાંધીનગર/સે.૧ | ૫૯૪ | ૨૮૫ |
| ગાંધીનગર/સે.૨ | ૩૬૨૧ | ૨૭૧૦ |
| ગાંધીનગર/સે.૩ | ૩૧૧૧ | ૨૭૩૮ |
| ગાંધીનગર/સે.૩-ન્યૂ | ૫૯૪ | ૮૧૨ |
| ગાંધીનગર/સે.૪ | ૨૨૬૧ | ૨૦૧૮ |
| ગાંધીનગર/સે.૫ | ૨૪૨૦ | ૨૦૬૪ |
| ગાંધીનગર/સે.૬ | ૧૭૭૬ | ૧૩૬૬ |
| ગાંધીનગર/સે.૭ | ૨૩૧૧ | ૨૧૨૯ |
| ગાંધીનગર/સે.૮ | ૧૧૩૭ | ૮૨૪ |
| ગાંધીનગર/સે.૯ | ૨૮ | ૪૬ |
| ગાંધીનગર/સે.૧૨ | ૬૯૬ | ૭૯૪ |
| ગાંધીનગર/સે.૧૩ | ૧૮૪૯ | ૨૬૫૦ |
| ગાંધીનગર/સે.૧૪ (ગોકુલપુરા) | ૧૨૮૫ | ૧૮૧૩ |
| ગાંધીનગર/સે.૧૫ | ૩૫૬ | ૬૨૫ |
| ગાંધીનગર/સે.૧૬ | ૪૩૫ | ૮૯૩ |
| ગાંધીનગર/સે.૧૭ | ૫૨૯ | ૮૬૦ |
| ગાંધીનગર/સે.૧૯ | ૪૦૩ | ૩૩૩ |
| ગાંધીનગર/સે.૨૦ | ૭૭૫ | ૧૦૧૧ |
| ગાંધીનગર/સે.૨૧ | ૧૨૯૬ | ૯૪૫ |
| ગાંધીનગર/સે.૨૨ | ૨૩૧૩ | ૧૨૨૦ |
| ગાંધીનગર/સે.૨૩ | ૧૫૫૫ | ૯૯૬ |
| ગાંધીનગર/સે.૨૪ | ૩૬૫૮ | ૨૮૫૨ |
| ગાંધીનગર/સે.૨૫ | ૮૪૩ | ૫૨૩ |
| ગાંધીનગર/સે.૨૬ | ૨૫૫૮ | ૯૭૩ |
| ગાંધીનગર/સે.૨૭ | ૨૨૪૩ | ૧૨૪૯ |
| ગાંધીનગર/સે.૨૮ | ૨૨૪૬ | ૧૨૩૧ |
| ગાંધીનગર/સે.૨૯ | ૧૨૭૪ | ૧૮૨૭ |
| ગાંધીનગર/સે.૩૦ | ૧૪૪૬ | ૯૨૯ |
| જીઈબી કોલોની | ૧૪૧૬ | ૧૨૦૦ |
| આદિવાડા | ૬૨૪ | ૪૩૧ |
| બોરીજ | ૬૨૪ | ૪૩૧ |
| ઈન્દ્રોડા | ૬૧૦ | ૮૧૧ |
| ધોળાકુવા | ૧૦૦૫ | ૯૧૧ |
| કુલ | ૭૧૯૧૯ | ૬૬,૬૧૬ |




Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com